દિવ્ય સમાચાર
મંગળવાર 26.02.2019

# ન્યુ વિદ્યાનગર, એરીબાસ બાયોટેકનોલોજી કોલેજમાં ક્લીનર પ્રોડક્શન પર વ્યાખ્યાન યોજાયું

આણંદ, તા. ૨૫

ચારૂતર વિદ્યામંડળ સંચાલિત, ન્યુ વિદ્યાનગરની એરીબાસ બાયોટેકનોલોજી કોલેજમાં ગુજરાત ક્લીનર પ્રોડકશન સેંટર, ગાંધીનગર દ્વારા ક્લીનર પ્રોડક્શન ઉપર વ્યાખ્યાન યોજાયુ હતું. ડૉ. ભરત જૈન, મેમ્બર સેકેટરી(જીસીપીસી) ગાંધીનગરનાં માર્ગદર્શન હેઠળ વ્યાખ્યાનનું આયોજન કરાયું હતું. તે અન્વયે મુખ્ય વકતા શ્રી પુનમચંદ રાઠોડ, સીનિયર પ્રોજેકટ એન્જીનિયરે આજનાં આધુનિક સમયમાં પર્યાવરણની માવજત અને આવનાર પેઢીનાં અસ્તિત્વ માટે ક્લીનર પ્રોડકશન પદ્ધતિઓ કેવી રીતે ઉપયોગી થઈ શકે તેની જાણકારી આપી હતી. આ કાર્યક્રમનો મુખ્ય ઉદેશ એ હતો કે પ્રદૂષણ મુક્ત પર્યાવરણ કેવી રીતે ઉભુ કરવું અને પર્યાવરણ અને ઉદ્યોગો વચ્ચે કેવી રીતે સંતુલન જાળવી રાખવું. ઉદ્યોગોમાં ક્લીનર પ્રોડકશનનું અમલીકરણ કરીને પર્યાવરણની માવજત અંગેની સમજ આપી હતી. એરીબાસ બાયોટેકનોલોજી કોલેજનાં અંતિમ વર્ષમાં અભ્યાસ કરતાં ૧૦૦ થી વધુ વિદ્યાર્થીઓએ હાજરી આપી હતી અને ક્લીનર પ્રોડકશનની રોજીદાં જીવનમાં વધુમાં વધુ મદદરૂપ થાય અને પર્યાવરણની માવજત થાય તે અંગે સજાગ થયાં હતા. સમગ્ર કાર્યક્રમનું આયોજન સંસ્થાનાં ઈનચાર્જ હેડ ડૉ. ભક્તિ બાજપાઈનાં માર્ગદર્શન મુજબ વીર નર્મદ સ્ટડી ક્લબનાં કન્વીનર ડૉ. સ્વાતિ નારોલકર અને સ્વાન-ઈકો ક્લબના કન્વીનર ડૉ. દિગ્વિજયસિંહ રાણા અને તેમની ટીમનાં સભ્યો ડૉ. કલ્પેશ ઈપણાવા, ડૉ. સંદીપ ચોવટીયા, ડૉ. સુનિલ ત્રિસ્તી, સોહિલ પટેલ અને આસિસ્ટંટ લાઈબ્રેરિયન ડૉ. સંજય પારેખ દ્વારા કરવામાં આવ્યું હતું.




ચરોતર એજયુકેશન સોસાયટી આણંદ સંચાલિત વી. જે. પટેલ કોલેજ ઓફ ફિઝીકલ એજયુકેશન, મોગરીમાં અભ્યાસ કરતી વિદ્યાર્થિની તીવારી જ્યોતી, સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સીટી ગાંધીનગરની કરાટે બહેનોની ટીમમાં પસંદગી પામેલ છે. જે સ્પર્ધા **Maharshi Dayanand University,Rohtak** ખાતે યોજાનાર છે.તેમા ભાગ લય કોલેજ તથા સંસ્થાનું નામ રોસન કરેલ છે. તેબદલ મંત્રી કે. ડી. પટેલ મંડળના સભ્યો તેમજ કોલેજના આચાર્ય ડૉ. અજીતસિંહગોહિલ તથા કોલેજ પરિવારે તેમને શુભકામના પાઠવી.

Ashok & Rita Patel Institute of Integrated Study & Research in Biotechnology & Allied Sciences
LIBRARY
New V. V. NAGAR

આજનું પંચાંગ

સાર્વજનિક પુસ્તકાલય, આણંદના સૌજન્યથી

આંકલાવ કોલેજમાં નમો ઇ ટેબલેટ વિતરણ કાર્યક્રમ

# એરીબાસ બાયોટેકનોલોજી કોલેજમાં કલીનર પ્રોડકશન પર વ્યાખ્યાન




ચારૂતર વિદ્યામંડળ સંચાલિત, ન્યુ વિદ્યાનગરની એરીબાસ બાયોટેકનોલોજી કોલેજમાં ગુજરાત કલીનર પ્રોડકશન સેન્ટર, ગાંધીનગર દ્વારા કલીનર પ્રોડકશન ઉપર વ્યાખ્યાન યોજાયું હતું. ડો. ભરત જૈન, મેમ્બર સેક્રેટરી (જીસીપીસી) ગાંધીનગરનાં માર્ગદર્શન હેઠળ વ્યાખ્યાનનું આયોજન કરાયું હતું, તે અન્વયે મુખ્ય વક્તા પુનમચંદ્ર રાઠોડ, સિનિયર પ્રોજેક્ટ એન્જિનિયરે આજનાં આધુનિક સમયમાં પર્યાવરણની માવજત અને આવનાર પેઢીના અસ્તિત્વ માટે કલીનર પ્રોડકશન પદ્ધતિઓ કેવી રીતે ઉપયોગી થઇ શકે તેની જાણકારી આપી હતી. આ કાર્યક્રમનો મુખ્ય ઉદેશ એ હતો કે પ્રદૂષણ મુક્ત પર્યાવરણ કેવી રીતે ઉભુ કરવું અને પર્યાવરણ અને ઉદ્યોગો વચ્ચે કેવી રીતે સંતુલન જાળવી રાખવું. ઉદ્યોગોમાં કલીનર પ્રોડકશનનું અમલીકરણ કરીને પર્યાવરણની માવજત અંગેની સમજ આપી હતી. એરીબાસ બાયોટેકનોલોજી કોલેજનાં અંતિમ વર્ષમાં અભ્યાસ કરતાં ૧૦૦ થી વધુ વિદ્યાર્થીઓએ હાજરી આપી હતી.